ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
વિદ્યુત લોકપાલ, ગુજરાત રાજ્ય,
પોલીટેક્નીક કમ્પાઉન્ડ, બેરેક નં.૩, આંબાવાડી,
અમદાવાદ-૩૮૦૦૧૫

સમક્ષ

કેસ નં. ૧૦૯/૨૦૧૮

અરજદાર : શ્રી મનિષભાઈ ભગવાનભાઈ પટેલ
પ્લોટ નં. 42-C, સાંઈ એમ્બ્રો ઈન્ડસ્ટ્રીઝ, કોસાડ-૩૯૪૧૦૭.
તા. ઓલપાડ. જી. સુરત.

રજૂઆત કરનાર: શ્રી જયેશભાઈ એન. શાહ, અધિકૃત પ્રતિનિધિ
શ્રી મનિષભાઈ બી. પટેલ,

વિરૂધ્ધ

સામાવાળા : નાયબ ઈજનેર
દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ
પેટા-વિભાગીય કચેરી, કોસાડ-૩૯૪૧૦૭. તા. ઓલપાડ. જી.સુરત

રજૂઆત કરનાર: શ્રી જી.આર.વસાવે, નાયબ ઈજનેર, ડીજીવીસીએલ,કોસાડ પે.વિ.કચેરી.

::: રજૂઆત:::

૧.૦. અરજદારે, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ, સુરતના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમની ફરિયાદ નં. ૧૦૪/૨૦૧૮-૧૯ અન્વયે અપાયેલ હુકમ ક્રમાંક ૧૬૯૧૩ તા.૧૨.૧૦.૨૦૧૮ ના હુક્મથી નારાજ થઈ અત્રે રજૂઆત કરેલ છે. જે રજૂઆતને આ કચેરીના કેસ રજીસ્ટરે દાખલ કરી કેસ નં.૧૦૯/૨૦૧૮ થી નોંધેલ છે. સદર કેસની સુનવણી તા.૦૩.૦૧.૨૦૧૯ ના રોજ રાખવામાં આવેલ.

૨.૦. સુનવણી દરમ્યાન અરજદારે નીચે મુજબ રજૂઆત કરી.

૨.૧. ફોરમ સમક્ષ કરેલ તમામ મુદ્દાઓને ધ્યાને લીધા સિવાય ફોરમે કરેલ હુકમથી નારાજ થઈ અરજદારે સદર રજૂઆત કરેલ છે.

૨.૨. તા.૧૮.૦૪.૧૮ ના રોજ અરજદારના વીજ સ્થાપન પર લાગેલ મીટર બળી ગયેલ હોય તેમ લાગવાથી અરજદારે સામાવાળાને અરજી કરેલ હતી. તા.૨૩.૦૪.૧૮ ના રોજ સામાવાળા દ્વારા રૂ.૫૦૧૬૭/- નું એવરેજ વીજબિલ આપવામાં આવેલ હતું, જે સદર વિવાદનું કારણ છે. સદર વીજબિલ સાથે વીજબિલની ગણતરી કે કાયદાની કોઈ કલમ અંગે સામાવાળા દ્વારા અરજદારને કોઈ જાણ કરવામાં આવેલ નથી.

૨.૩. તા.૨૭.૦૭.૧૮ ના રોજ સામાવાળા દ્વારા વીજ અધિનિયમ,૨૦૦૩ ની કલમ ૧૨૬ મુજબ રૂ.૨૩૪૦૦/- નું વીજબિલ આપવામાં આવેલ, જે અંગે કોઈ રજૂઆત કરવાની નથી.

૨.૪. તા.૧૩.૦૮.૧૮ ના રોજ મીટર ધીમું ફરતું હતું તે અંગેનું રૂ.૧૧૫૦૦૦.૯૩ નું વીજબિલ સામાવાળા દ્વારા આપવામાં આવ્યું. આ વીજબિલ તા.૨૭.૦૭.૧૮ ના રોજ આપવામાં આવેલ વીજબિલ ઉપરાંતનું આ વીજબિલ હતું, જે વિવાદનું કારણ છે. વધુમાં તા.૩૦.૦૮.૧૮ ના રોજ રૂ.૫૭૧૦૫/- નું વધુ એક વીજબિલ આપવામાં આવેલ છે. આમ, મીટરમાં ક્ષતિ ઉદ્ભવી તે અંગે સામાવાળા દ્વારા કુલ ત્રણ વીજબિલ રૂ. ૨,૨૨,૨૭૨.૯૩ ના આપવામાં આવેલ છે, જેની સામે વિવાદ થયેલ છે.

એક જ વિષય વસ્તુ માટે સામાવાળા દ્વારા કોઈ પણ જાતની ગણતરી વગર અલગ અલગ વીજબિલ આપવામાં આવેલ છે. અરજદારને વીજબિલ અંગેની સંપૂર્ણ વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. સદર વિવાદિત બિલો કયા કાયદા હેઠળ આપવામાં આવેલ છે, તેની નોંધ સામાવાળા દ્વારા લેવામાં આવેલ નથી, તેમજ ફોરમ દ્વારા પણ આ અંગે કોઈ કાળજી લેવામાં આવેલ નથી. જેથી સદર વીજબિલો કાયદેસરના ન હોઈ, રદ્દ થવા પાત્ર છે, તેમજ ફોરમનો હુકમ પણ કાયદા મુજબનો ન હોઈ રદ્દ થવા પાત્ર છે.

૨.૫. સામાવાળાએ જણાવેલ છે કે મીટર કંપની સાથે મળીને મીટરના MRI data ની વિગત અરજદારને આપવામાં આવેલ નથી, જેથી મીટરમાં ક્યારે ક્ષતિ સર્જાઈ તેમજ તે કારણે મીટર કેટલું ધીમું ફરે છે, તે જાણી શકાય તેમ નથી.

૨.૬. અરજદારે વિદ્યુત પુરવઠા સંહિતા જાહેરનામા નં. ૪/૨૦૧૫, કલમ ૬.૫૮ નો ઉલ્લેખ કરી જણાવેલ કે ક્ષતિયુક્ત/બંધ મીટરના કેસમાં મીટર ક્ષતિયુક્ત થયું તે પહેલાંના સમયગાળા મુજબ સરેરાશ વીજબિલ બનાવવું જોઈએ. સ્પ્લાય કોડમાં એક જ ક્ષતિ માટે ત્રણ વીજબિલ આપવાની કોઈ જોગવાઈ નથી, જેથી સામાવાળા દ્વારા આપવામાં આવેલ તમામ વિજબિલો રદ્દ થવા જોઈએ. સરેરાશ વીજબિલની ગણતરીમાં મંદિના કારણે અરજદારની ફેક્ટરીમાં થયેલ ઓછા ઉત્પાદનને પણ ધ્યાને લેવામાં આવે.

૨.૭. તા. ૦૬.૦૧.૦૯ ના રોજ અરજદારે મીટરના MRI data અન્વયે નીચે મુજબ જણાવેલ.

(૧) Y-phase CT Open થવાનો સમયગાળો તા.૦૧.૦૧.૧૮ થી તા.૨૪.૦૪.૧૮ સુધીમાં તમામ events માં ૧૦.૪૭ દિવસની જ છે. કુલ ૧૧૩ દિવસના

સમયગાળામાં ૧૦.૪૭ દિવસ માટે જ Y-phase open રહેલ. આમ, ૯.૨૬% સમય માટે Y-phase CT open રહેલ છે. Y-phase CT નું જોડાણ ઢીલું હશે જેના કારણે આવા events નોંધાયેલ છે.

(૨) મીટરનો MRI report જોતાં મીટર ક્ષતિગ્રસ્ત જણાય છે.

(૩) સદર મીટર દ્વારા ૧૧૩ દિવસના સમયગાળામાં ફક્ત ૧૦.૪૭ દિવસ માટે ક્ષતિ માલુમ પડેલ હોઈ, સપ્લાય કોડના નિયમના આધારે ન્યાયિક રીતે વીજબિલ બનાવવા સામાવાળાને આદેશ કરવા વિનંતી કરી.

૨.૮. અરજદારે નીચે મુજબની દાદ માંગી.

મીટર ધીમાપણા અંગે આપવામાં આવેલ અલગ અલગ ત્રણ વીજબિલો રદ્દ જાહેર કરવાં અને સપ્લાય કોડની ઉપર્યુક્ત કલમ ૬.૫૮ અનુસાર પહેલાંના ક્ષતિમુક્ત સમયગાળામાં આપવામાં આવતું હતું તે આધારનું સરાસરી વીજબિલ ક્ષતિગ્રસ્ત સમયગાળા માટે આપવું. સાથે સાથે મંદિમાં બંધ રહેતા મશીનો અંગેનો વપરાશ પણ ઓછો કરાવવો. વિવાદિત બાકી પડતી રકમ અંગે અને તેના વ્યાજ અંગે, ક્યારે અને કેવી રીતે ચુકવણી કરવાની છે તે અંગેની હુકમમાં સ્પષ્ટતા કરવી. જ્યારે દેશમાં બેંકો મહત્તમ ૭% વ્યાજ ચુકવતી હોય તો પરવાનેદારને ૧૫% વ્યાજ વસૂલવાનો અધિકાર નથી. જે રકમ ચુકવવાની હોય તેના છ હપ્તા મંજૂર કરવા.

૩.૦. સુનવણી દરમ્યાન સામાવાળાએ નીચે મુજબ રજૂઆત કરી.

૩.૧. અરજદાર, શ્રી મનિષભાઈ ભગવાનભાઈ પટેલના નામે, પ્લોટ નં. ૪૨/C, સાંઈ એમ્બ્રો ઈન્ડસ્ટ્રીઝ, કોસાડ, સુરત ખાતે, ગ્રાહક નં. ૧૪૮૦૧/૧૪૦૬૮/૮ થી ૨૬.૫ KW કરારીત વીજભારનું, NRGP tariff નું ઔદ્યોગિક હેતુનું વીજ જોડાણ ધરાવે છે.

૩.૨. અરજદારના વીજસ્થાપન પર સ્થાપિત વીજ મીટરનો ડિસ્પ્લે બંધ થઈ જવાથી April,2018 billed in May,2018 ના સમયગાળાનું વીજબિલ ૭૬૬૦ યુનિટ વીજ વપરાશનું રૂ. ૫૦૧૬૭/- નું એવરેજ વીજબિલ આપવામાં આવેલ.

૩.૩. અરજદારના વીજસ્થાપન પર વીજ મીટર નં. DGHP252165 ની ચકાસણી તા.૨૩.૦૪.૨૦૧૮ના રોજ I.C. Checking Squad દ્વારા ચેકીંગ શીટ નં.૧૮૯ થી કરવામાં આવેલ. વીજ મીટરના ડિસ્પ્લે નીચે મુજબ છે.

Voltage		Ampere	
V_1	249.23V	A_1	30.08Amp.
V_2	251.42V	A_2	0.81 Amp.
V_3	237.04V	A_3	39.96Amp

એક ફેઈઝમાં એમ્પીયર બીલકુલ નહિવત જોવા મળેલ.

મીટરની વિગત નીચે મુજબ છે.

Make: HPL static. Sr.No. 252165. Capacity: 10-60 Amp.

મીટરના રીડીંગ નીચે મુજબ છે.

247685 KWh. 1051344 KVARh. 28.296 MD

મીટરનો એક્યુચેક ટેસ્ટ લેતાં મીટરની એક્યુરેસી -૩૩.૮૬% માલુમ પડેલ. વીજ ચકાસણી દરમ્યાન કરારીત વીજભાર ૨૬.૫ કિ.વોટ ના બદલે ૩૭.૯૭૫ કિ.વોટ, એટલે કે ૧૧.૪૭૫ કિ.વોટ, વધુ જોડેલ માલુમ પડેલ. તા. ૨૪.૦૪.૧૮ ના રોજ ચેકીંગ શીટ નં.૫૫૨૯ થી સદર વીજ મીટરને બદલવામાં આવેલ અને પેપરમાં પેક કરી સીલ મારીને વધુ ચકાસણી અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવેલ.

૩.૪. સદર ગ્રાહકના વીજ મીટર નં. DGHP252165 નું લેબોરેટરીમાં પરીક્ષણ તા.૦૩.૦૭.૨૦૧૮ના રોજ શીટ નં.૩૩૨૩થી કરવામાં આવેલ. મીટરનું લેબોરેટરીમાં પરીક્ષણ દરમ્યાન મીટરનું રીડિંગ 247949.3 KWh and 30.942 KWh MD માલુમ પડેલ. વીજ મીટરનો MRI data લેબોરેટરીમાં ન મળવાને કારણે મીટર મેન્યુફેક્ચરીંગ કંપનીમાં મોકલવાનો નિર્ણય લેવામાં આવેલ. વીજ મીટરમાં Y-phase CT માં લોડ સાઈડનો કોન્ટેક્ટ ઓવર હીટ થઈને પીગળેલ હોવાનું જોવા મળેલ, અને વીજ મીટરનો manufacturing company નો રીપોર્ટ મેળવ્યા બાદ, સ્થળ પર જોવા મળેલ slowness મુજબ આગળની કાર્યવાહી કરવા નોંધ કરવામાં આવેલ.

૩.૫ તા.૦૬.૦૭.૧૮ ના રોજ સદર મીટરનો MRI report મેળવવામાં આવેલ, જે મુજબ સદર મીટરમાં Y-phase ની CT તા.૦૧.૦૧.૧૮ ના રોજથી ઓપન થઈ ગયેલ માલુમ પડેલ, જે વખતે મીટરનું વાંચન ૨૧૦૮૭૬.૧ KWh હતું, જેથી મીટરની slowness તા.૦૧.૦૧.૧૮ થી મીટર બદલ્યા તા.૨૪.૦૪.૧૮ દરમ્યાન જોવા મળેલ છે.

૩.૬. મીટરની 33.86% slowness અંગે ૧૮૩૦૬ યુનિટનું પુરવણી વીજબિલ રૂ.૧,૧૫,૦૦૦/-, તા.૦૧.૦૧.૧૮ થી ૨૪.૦૪.૧૮ ના સમયગાળાને ધ્યાને લઈ, ઓછા નોંધાયેલ વીજ વપરાશ મુજબ, તા. ૧૩.૦૮.૧૮ ના પત્રથી અરજદારને આપવામાં આવેલ.

૩.૭. April,2018 billed in May,2018, તા.૧૭.૦૪.૧૮ ના રોજ મીટરમાં ડિસ્પ્લે ન દેખાતા હોવાથી મીટર રીડર દ્વારા faulty status મુજબ મીટર વાંચન ૨૩૧૧૮૯ થી ૭૬૬૦ યુનિટનું સરેરાશ વીજબિલ આપવામાં આવેલ. લેબોરેટરી પરીક્ષણ દરમ્યાન તા.૨૪.૦૪.૧૮ નું મીટર વાંચન MRI report મુજબ ૨૪૭૯૪૯ યુનિટ જોવા મળેલ, જેથી ૨૪૭૯૪૯-૨૩૧૧૮૯= ૧૬૭૬૦- ૭૬૬૦ =૯૧૦૦ યુનિટનું રૂ.૫૭૧૪૮/-, August,2018 billed in September,2018 નું (average units) વીજબિલ તા.૨૧.૦૮.૧૮ ના રોજ આપવામાં આવેલ.

૩.૮. સદરહુ ગ્રાહકના વીજ મીટર ચેકીંગ શીટ તેમજ લેબોરેટરી પરીક્ષણ રીપોર્ટ મુજબ અરજદારને તા.૦૧.૦૧.૧૮ થી તા.૨૪.૦૪.૧૮ (૧૧૪ દિવસ) સુધીનું ૩૩.૮૬% મીટર ધીમાપણાનું રૂ. ૧,૧૫,૦૦૦.૯૩ નું વીજબિલ આપવામાં આવેલ છે, તે નિયમ મુજબ બરાબર છે.

૩.૯. સામાવાળા દ્વારા અરજદારનો વીજ વપરાશ નીચે મુજબ દર્શાવવામાં આવેલ.

Sr. No.	Billing month	Date of reading	Readings	Consumption	Days
1	Feb. billed in March,2017	15.02.17	68676	9962	30
2	Mar. billed in Apr.2017	13.03.17	79995	11319	26
3	Apr. billed in May,2017	17.04.17	100272	20277	53
4	May, billed in June,2017	17.05.17	114728	14456	30
5	June billed in July,2017	16.06.17	131970	17242	30
6	July billed in Aug.2017	17.0717	145317	13347	31
7	Aug. billed in Sept.2017	17.08.17	156369	11052	31
8	Sept. billed in Oct.2017	18.09.17	175389	19020	32
9	Oct. billed in Nov.2017	14.10.17	192333	16944	26
10	Nov. billed in Dec.2017	19.11.17	199677	7344	36
11	Dec.17 billed in Jan.18	20.12.17	208208	8531	31
12	Jan. billed in Feb.2018	16.01.18	214104	5896	27
13	Feb. billed in March,2018	18.02.18	224985	10881	33
14	Mar. billed in Apr.2018	13.03.18	231189	6204	23
15	Apr .billed in May,2018	17.04.18	231189	7660	35 F
16	May ,billed in June,2018	19.05.18	11345	11344	32 C
17	June billed in July,2018	19.06.18	15929	4584	31
18	July billed in Aug.2018	20.07.18	19491	3562	31
19	Aug. billed in Sept.2018	21.08.18	1924	1923	31

૩.૧૦. લેબોરેટરી પરિક્ષણના આધારે અરજદારને તા.૦૧.૦૧.૧૮ થી ૨૪.૦૪.૧૮ (૧૧૪ દિવસનું) ૩૩.૮૬% મીટર ધીમાપણાનું પુરવણી વીજબિલ રૂ. ૧,૧૫,૦૦૦.૯૩ નું તા. ૧૩.૦૮.૧૮ ના રોજ આપવામાં આવેલ, જેનાથી નારાજ થઈ અરજદારે ફોરમ સમક્ષ અપીલ દાખલ કરેલ.

સદર અપીલમાં ફોરમ દ્વારા ૩૩.૮૬% મીટર ધીમાપણાનું પુરવણી વીજબિલ રૂ.૧,૧૫,૦૦૦.૯૩ ને યોગ્ય ઠેરવવામાં આવેલ, તેમજ મીટરમાં ડિસ્પ્લે ન દેખાતાં, મીટર રીડર દ્વારા meter faulty ગણીને ૭૬૬૦ યુનિટનું સરેરાશ વીજબિલ જે આપવામાં આવેલ હતું તેને મીટરના MRI report માં નોંધાયેલ યુનિટના આધારે સામાવાળા દ્વારા આપવામાં આવેલ તફાવતના ૯૧૦૦ યુનિટનું વીજબિલ રૂ. ૫૭૧૪૮/-ભરવાપાત્ર છે તે મુજબનો હુકમ કરેલ છે, જે નિયમોનુસાર છે.

૩.૧૧. અરજદારને આપવામાં આવેલ પુરવણી વીજબિલો નિયમોનુસારના હોઈ, વીજબિલની રકમ ભરવાપાત્ર છે. અરજદારની સદર અપીલ ગ્રાહ્ય ન રાખવા સામાવાળાએ અરજ કરી.

::: **ચુકાદો** :::

૪.૦. સૂનાવણી દરમ્યાન અરજદારે કરેલ રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓને આધારે નીચે મુજબના નિર્ણય ઉપર આવું છું.

૪.૧. પેરા નં. ૩.૧ મુજબ અરજદાર NRGP ટેરીફનું ઔદ્યોગિક વીજ જોડાણ ગ્રાહક નં. ૧૪૮૦૧/૧૪૦૬૮/૮ થી ૨૬.૫ KW નું ધરાવે છે.

૪.૨. પેરા નં. ૨.૨ મુજબની અરજદારની ફરિયાદ અન્વયે સામાવાળા દ્વારા વીજ સ્થાપન પરના મીટરની ચકાસણી તા.૨૩.૦૪.૧૮ ના રોજ ચેકીંગ શીટ નં.૧૮૯ થી કરવામાં આવેલ, જે દરમ્યાન મીટર નં. DGHP252165 માં error -33.86% નોંધાયેલ છે. મીટરના display parameters પેરા નં.૩.૩ માં દર્શાવ્યા મુજબ છે.

વીજ સ્થાપન પર જોડાયેલ વીજભાર ૩૭.૯૭૫ કિ.વોટ છે, જ્યારે અરજદારનો કરારીત વીજભાર ૨૬.૫ કિ.વોટ છે.

૪.૩. પેરા નં. ૩.૪ મુજબ સદર મીટરની સામાવાળાની લેબોરેટરીમાં ચકાસવામાં આવેલ, જે દરમ્યાન ચકાસણી અહેવાલમાં નોંધ કર્યા મુજબ વીજ મીટરનો Y-phase CT માં લોડ સાઈડનો કોંટેક્ટ ઓવરહીટ થઈને પીગળેલ જોવા મળેલ. સદર મીટરનો ડેટા મેળવવા અર્થે મીટરને મીટર કંપનીમાં મોકલવામાં આવેલ.તા.૦૬.૦૭.૧૮ ના રોજ સદર મીટરનો MRI report મેળવવામાં આવેલ છે.

૪.૪. Meter No. DGHP252165, HPL મીટરનો MRI data download કરવામાં આવેલ છે જે સામાવાળા દ્વારા રજૂ કરવામાં આવેલ.

Cumulative tampered report નીચે મુજબ જોવા મળેલ.

Event	Count	Time period
Low voltage	6	21.06.16 to 23.02.18 Non-continuous
Over voltage	19	19.08.16 to 03.03.18 Non-continuous
B-ph. CT open	26	19.06.16 to 14.03.17 Non-continuous
R-ph. CT open	02	15.01.17 to 15.01.17 Non-continuous
Y-ph. CT open	36	19.06.17 to 24.04.18 Non-continuous

Billing profile is seen as under:

Date	Cumulative energy (Kwh)	Maximum Demand(KW)
01.06.17	122849.2	37.602
01.07.17	140636.1	37.164
01.08.17	149862.2	22.250
01.09.17	164359.6	32.870
01.10.17	184033.6	36.700
01.11.17	195337.8	36.412
01.12.17	202914.7	27.910
01.01.18	210739.4	23.832
01.02.18	219815.8	24.772
01.03.18	228212.3	25.960
01.04.18	238693.9	28.296
01.07.18	247949.3	30.942
05.07.18	247949.3	0.000

૪.૫. MRI report નો અભ્યાસ કરતાં Y-phase CT open ના count મુજબ સતત Y-phase CT open રહેતી નથી. Y-phase CT open, Events make/break event જણાય છે. તા.૦૧.૦૧.૧૮ થી મીટર બદલ્યા તા.૨૪.૦૪.૧૮ સુધીના સમયગાળામાં કુલ ૨૩ count દરમ્યાન ૧૦ દિવસ ૧૨ કલાક ૧૯ મિનિટ માટે Y-phase CT open રહેલ જોવા મળે છે. Current related events મુજબ સદર સમયગાળા દરમ્યાન વીજ મીટર દ્વારા ૩૪૯૯.૭ યુનિટનો વીજ વપરાશ નોંધેલ છે.

૪.૬. પેરા નં. ૩.૩ માં દર્શાવ્યા મુજબ મીટરની એક્યુરેસી -૩૩.૮૬% ચકાસણી સમયે નોંધાયેલ છે. સામાવાળા દ્વારા મીટરના Y-phase CT open હોવાનાં કારણે અરજદારને

તા.૦૧.૦૧.૧૮ થી તા. ૨૪.૦૪.૧૮ સુધીના સમયગાળા માટે મીટર ધીમુ ફર્યા મુજબનું પુરવણી વીજબિલ પેરા નં. ૩.૮ માં જણાવ્યા મુજબ આપેલ છે .

મીટરની તા. ૨૪.૦૪.૧૮ ની ચકાસણી મુજબ તેમજ મીટરના MRI data નો અભ્યાસ કરતાં ૩૩.૮૬% લેખે મીટર દ્વારા સતત ઓછો વીજ વપરાશ નોંધાયેલ હોય તેમ સાબિત થતું નથી.

૪.૭. ગુજરાત વિદ્યુત નિયમન આયોગ, જાહેરનામા નં.૪ વર્ષ ૨૦૧૫ની કલમ ૬.૩૩ ને સદર વિવાદિત પ્રશ્ન અંગે ધ્યાને લઈ શકાય.

Clause 6.33:
The licensee shall dispatch the test report to the consumer, to be received under acknowledgment, within 2 working days of the date of testing. In case of faulty meter, rectification for a maximum period of six months or from the date of last testing, whichever is shorter, on the basis of the test report, shall be adjusted in the subsequent bill.

૪.૮. સામાવાળા દ્વારા સદર કેસમાં અરજદારને અલગ અલગ ત્રણ વીજબિલ પાઠવવામાં આવેલ છે, પરંતુ તે અંગે અરજદારને વીજબિલની ગણતરી પત્રક તથા કયા નિયમો અંતર્ગત વીજબિલ પાઠવેલ છે તે અંગેની માહિતી પૂરી પાડેલ નથી. મીટરને બદલાવીને મીટરની ધીમાપણા/ચકાસણી અન્વયે, MRI data ની વિગતો પણ અરજદારને પાઠવેલ નથી, જે કારણોસર અરજદાર ફોરમ સમક્ષ વિગતે રજૂઆત કરી શકેલ નથી. MRI data ની વિગતો પ્રાપ્ત થયા બાદ અરજદારે તા.૦૬.૦૧.૧૯ ના રોજ પેરા નં. ૨.૭ માં દર્શાવ્યા મુજબ રજૂઆત કરેલ છે. સામાવાળાને આથી આદેશ કરવામાં આવે છે કે અરજદારની ફરિયાદ અંગે પારદર્શકતા હેઠળ ફરિયાદનો ન્યાયિક રીત નિકાલ થાય તેવી ગોઠવણ કરવી.

૪.૯. પેરા નં. ૩.૯ માં અરજદારનો વીજ વપરાશ નોંધવામાં આવેલ છે. તા. ૧૭.૦૪.૧૮ ના રોજ સામાવાળા દ્વારા April,2018 billed in May,2018 માં સરેરાશ વીજ વપરાશ ૭૬૬૦ યુનિટનું વીજબિલ મીટર ફોલ્ટી ગણીને આપેલ છે. અરજદારની તા.૧૮.૦૪.૧૮ ની ફરિયાદ અન્વયે સામાવાળા દ્વારા તા.૨૪.૦૪.૧૮ ના રોજ મીટર બદલાવીને મીટરનું છેલ્લુ રીડિંગ ૨૪૭૯૪૯ મેળવેલ છે. સામાવાળા દ્વારા અરજદારને મીટરના છેલ્લા વાંચન મુજબ ૨૪૭૯૪૯-૨૩૧૧૮૯(અગાઉનું વાંચન) -૭૬૬૦(સરેરાશ વપરાશ) = ૯૧૦૦ યુનિટનું વીજબિલ પેરા નં. ૩.૭ માં દર્શાવ્યા મુજબ પાઠવેલ છે, જે અરજદાર દ્વારા કરવામાં આવેલ

વીજ વપરાશ મુજબ સાચો વીજ વપરાશ મીટરમાં નોંધાયેલ હોઈ, સદર વીજબિલ ભરવાપાત્ર છે.

૪.૧૦. ઉપર્યુક્ત અવલોકનના આધારે નીચે મુજબના તારણ પર આવી શકાય છે.

સદર વિવાદિત મીટરને સ્થળ પર એક્યુચેકથી ચેક કરવામાં આવેલ છે, તેમજ લેબોરેટરીમાં મીટરની ચકાસણી કરવામાં આવેલ છે. મીટરનો ડેટા પણ મેળવવામાં આવેલ છે, જેનો અભ્યાસ કરતાં મીટર સતત તેની ગતિ મર્યાદામાં ધીમું ફરતું હોય તેમ સાબિત થતું નથી. Y-phase CT open ના સમયગાળામાં નોંધાયેલ વીજ વપરાશને આધાર રાખીને મીટર દ્વારા ઓછા નોંધાયેલ વીજ વપરાશની ગણતરી કરી શકાય. તા.૦૧.૦૧.૧૮ થી મીટર બદલ્યા તા.૨૪.૦૪.૧૮ સુધીમાં Y-phase CT open events દરમ્યાન મીટરમાં પેરા નં.૪.૫ માં નોંધ્યા મુજબ ૩૫૦૦ યુનિટ નોંધાયેલ છે. ખરેખર મીટર દ્વારા તે સમય દરમ્યાન ૫૨૯૧ યુનિટ નોંધાવા જોઈએ. આમ મીટર દ્વારા સદર સમયગાળા દરમ્યાન ૧૭૯૧ યુનિટ ઓછા નોંધાયેલ માલુમ પડે છે.

સદર સંજોગોમાં પેરા નં.૩.૬ માં દર્શાવ્યા મુજબનું પુરવણી વીજબિલને રદ કરીને ૧૭૯૧ યુનિટનું પુરવણી વીજબિલ મીટરની તા.૨૪.૦૪.૧૮ ની ચકાસણી અન્વયે અરજદારને પાઠવવા સામાવાળાને આદેશ કરવામાં આવે છે.

૪.૧૧. આથી આ રીતે પેરા નં.૪.૯ તથા ૪.૧૦ મુજબ હુકમ કરવામાં આવે છે.

૪.૧૨. ખર્ચ અંગે કોઇ ચુકાદો નથી.

૪.૧૩. અરજદારની અરજી/રજૂઆત આ સાથે ફેંસલ કરવામાં આવે છે.

(દિલીપ રાવલ)
વિદ્યુત લોકપાલ
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

અમદાવાદ
તા.૨૩.૦૧.૨૦૧૯.